Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue :30• Date : 14-12-2023 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisidiya • Mo. 98790 84567

## લોકસભામાં પ્રેક્ષક ગેલેરીમાંથી બે યુવાને કૂદીને ગેસનો સ્પ્રે કરતા અફરાતફરી





નવી દિલ્હી,

દેશની સંસદને સૌથી સુરક્ષિત જગ્યા માનવામાં આવે છે અને તેની ૨૨મી વરસીએ જ ત્યાં મોટી સુરક્ષા ચૂકનો મામલો સામે આવ્યો છે. અહીં બે યુવકો લોકસભાની અંદર સાંસદો વચ્ચે દર્શક ગેલેરીમાંથી કૂદી ગયા હતા. આ સમયે ગૃહની કાર્યવાહી પણ ચાલી રહી હતી જેના લીધે અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. બંને યુવકોએ સ્મોક બોમ્બ વડે સંસદને હચમચાવી મૂકી હતી. આ બંને શૂઝમાં સ્પ્રે બોમ્બ છુપાવીને લાવ્યા હોવાની માહિતી મળી રહી છે. હવે આ લોકોની ઓળખ થઈ ચૂકી છે. લોકસભાની અંદર કલર ક્રેકર લઈને પહોંચેલા યુવકનું નામ સાગર શર્મા હોવાનું જણાવાયું છે. જોકે સાગર ક્યાંનો રહેવાશી છે તેની માહિતી મળી નથી અને તેણે કયા ઉદ્દેશ્યથી આ ઘટનાને અંજામ આપ્યો તે પણ તપાસનો વિષય છે. જ્યારે બીજી યુવકની ઓળખ મનોરંજન તરીકે થઈ હોવાની માહિતી છે.

બીજી બાજુ સંસદની સુરક્ષામાં ચૂક અંગે બુધવારે બે કેસ સામે આવ્યા હતા. એક કેસમાં ગૃહની બહાર પણ બે લોકોએ 'તાનાશાહી નહીં ચલેગી...' ની નારેબાજી કરી હતી. આ બંનેની ધરપકડ કરી લેવામાં આવી હતી જેમાં એક મહિલા સામેલ હતી. તેણે દેખાવોની શરૂઆત કરતાં જ પોલીસે તેને પકડી લીધી હતી. માહિતી અનુસાર આ મહિલાની ઓળખ નીલમ તરીકે થઈ હતી જે હિસારની વતની છે. જ્યારે તેની સાથે અનમોલ શિંદે નામનો યુવક પણ હતો જે લાતુરનો વતની હતી. સંસદ બહાર પકડાયેલી મહિલાએ દેખાવો કરતી વખતે કહ્યું હતું કે મારું નામ નીલમ છે. ભારત સરકાર જે અમારા પર અત્યાચાર કરી રહી છે, લાઠીચાર્જ કરી રહી છે. અમને જેલમાં પૂરી દેવામાં આવી રહ્યા છે. ટોર્ચર કરવામાં આવી રહ્યા છે. અમારી પાસે અવાજ ઊઠાવવા બીજું કોઈ માધ્યમ નથી. અમે કોઈ સંગઠન સાથે સંકળાયેલા નથી. આ તાનાશાહી બંધ થવી જોઈએ. લોકસભાની સુરક્ષામાં આજે મોટી ખામી બહાર આવી હતી જેમાં સંસદની કાર્યવાહી દરમિયાન બે લોકો પ્રેક્ષક ગેલેરીમાંથી સીધા નીચે કૂદી પડ્યા હતા અને ગેસનો સ્પ્રે કરવાનો પ્રયાસ કર્યો હતો. અચાનક ઘૂસી આવેલા લોકોને તાત્કાલિક પકડી લેવામાં આવ્યા છે જેના કારણે ભારે અંધાધૂંધીનો માહોલ સર્જાયો હતો. પકડાયેલા બે લોકો પાસેથી ટિયર ગેસના સેલ મળી આવ્યા છે. ૨૨ વર્ષ અગાઉ પણ સંસદ પર હુમલો થયો હતો જે જીવલેણ સાબિત થયો હતો. સંસદ પરના હુમલાની ૨૨મી વર્ષગાંઠ નિમિત્તે આ આઘાતજનક અને ચિંતાજનક ઘટના બની છે જેમાં પ્રેક્ષક ગેલેરીમાં હાજર રહેલા બે લોકો અચાનક કૂદીને નીચે ઉતરી આવ્યા હતા અને ગભરાટ ફેલાવી દીધો હતો. આ બંને શખસો લોકસભામાં ઉતરી આવ્યા બાદ બેફામ દોડાદોડી શરૂ કરી દીધી હતી. ત્યાર બાદ લોકસભાની કાર્યવાહી મુલતવી રાખવામાં આવી હતી અને તમામ સાંસદો બહાર નીકળી ગયા હતા. નીલમ અને અમોલ શિંદે નામના બે યુવાનોને પકડવામાં આવ્યા છે અને તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. આ યુવાનો કેવી રીતે ઘૂસ્યા, તેમનો ઈરાદો શું હતો અને સુરક્ષા એજન્સીઓના ચેકિંગમાં ક્યાં ખામી રહી ગઈ તેની તપાસ કરવામાં આવશે.

બંને યુવાનોને ચાલુ કાર્યવાહીએ ઉપરની વિઝિટર ગેલેરીમાંથી કૂદકો માર્યો હતો જેની સિક્યોરિટી એજન્સીઓએ કલ્પના પણ કરી ન હતી. જો બંને પાસે શસ્ત્રો હોત તો આ ઘટના કેટલી ગંભીર બની શકી હોત તેનો અંદાજ આવે છે. બંને યુવાનો કોઈ પોલિટિકલ વિચારધારા સાથે સંબંધ ધરાવે છે કે નહીં તેની પણ ચકાસણી કરવામાં આવશે તથા તેમને ભૂતકાળનો રેકોર્ડ જોવામાં આવશે.

### સંસદ ભવનમાં સુરક્ષા ચૂક મામલે કાર્યવાહી

## સંસદમાં વિઝિટર-ઈ-પાસ બનાવવા ઉપર પ્રતિબંધ

નવી દિલ્હી,

સંસદના શિયાળુ સત્રનો આજે આઠમો દિવસ છે ત્યારે સંસદની સુરક્ષામાં મોટી ચૂક થવાનો મામલો સામે આવ્યો છે, જેમાં લોકસભાની કાર્યવાહી દરમિયાન બે યુવકો અચાનક પ્રેક્ષક ગેલેરીમાંથી કુદ્યા હતા અને વેલમાં ધસી ગયા હતા.

જેના કારણે થોડા સમય માટે લોકસભાની કાર્યવાહી સ્થગિત કરવામાં આવી હતી. આ રીતે સંસદમાં બે લોકો અચાનક ઘુસી આવતા સંસદ સચિવાલયે આગામી આદેશ સુધી હવે વિઝિટર પાસ અને ઈ-પાસ બનાવવા પર પ્રતિબંધ મૂક્યો છે. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ આ આદેશ આપ્યો હતો. તેમણે આ સાથે એક બેઠક પણ બોલાવી હતી. ઉલ્લેખનીય છે કે આજે બે યુવકો દર્શકોની ગેલરીમાંથી કૂદીને સંસદમાં ઘૂસી ગયા હતા અને તેમણે સ્મોક બોમ્બ સળગાવી અફરા તફરી મચાવી દીધી હતી. જેના પછી સાંસદોએ તેને પકડી લીધો હતો તેને ધીબી કાઢ્યો હતો પછી સુરક્ષાકર્મીઓના હવાલે કરી દીધો હતો.

## નારાયણપુર જિલ્લામાં નક્સલીઓના આઈઈડી બ્લાસ્ટમાં જવાન શહીદ

રાયપુર,

આજે છત્તીસગઢમાં સીએમના શપથ પહેલા નક્સલી દ્વારા આઈઈડી બ્લાસ્ટ કરવામાં આવ્યો છે જેમાં એક જવાન શહીદ થયો છે જ્યારે અન્ય એક જવાન ઘાયલ થયો છે. ઉલ્લેખનીય છે કે આજે વિષ્ણુદેવ સાંઈ રાજધાનીમાં આયોજિત સમારોહમાં મુખ્યમંત્રી તરીકે શપથ લેવાના હતા.

આજે છત્તીસગઢના મુખ્યમંત્રીનો શપથ ગ્રહણ સમારોહ યોજાનાર છે. જેમાં વિષ્ણુદેવ સાંઈ રાજધાનીમાં રાયપુરમાં મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કરવાના છે જેમાં દેશના વડાપ્રધાન સહિત ૯ રાજ્યોના મુખ્યમંત્રીઓ, ચાર કેન્દ્રીય મંત્રીઓ રાજધાની રાયપુર આવી રહ્યા છે ત્યારે રાજયના નારાયણપુર જિલ્લામાં નક્સલવાદીઓએ આઈઈડી બ્લાસ્ટ કર્યો છે જેમાં એક સૈનિક શહીદ થયા છે જ્યારે એક જવાન ઘાયલ થયો છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ નક્સલીઓએ આ હુમલો નારાયણપુરની આમદાઈ ખાણમાં કર્યો છે. સીએએફ બટાલિયનના સૈનિકો નક્સલીઓને પકડમાં આવી ગયા છે. આ હુમલામાં સીએએફ કોન્સ્ટેબલ કમલેશ સાહુ શહીદ થયા હતા, જ્યારે કોન્સ્ટેબલ વિનય કુમાર સાહુ ઘાયલ થયા છે. એસપી પુષ્કર શર્માએ હુમલાની પુષ્ટિ કરી છે. આ અગાઉ સોમવારે સુકમા જિલ્લામાં નક્સલીઓએ આઈઈડી બ્લાસ્ટ કર્યો હતો. જેમાં બે સુરક્ષાકર્મીઓ ઘાયલ થયા હતા. આ વિસ્ફોટ કિસ્તારામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયો હતો. અહીં સુરક્ષા કર્મચારીઓની સંયુક્ત ટીમ રોડ બનાવવાના કામમાં સુરક્ષા પૂરી પાડવા પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે આ બ્લાસ્ટ કર્યો હતો. આ સિવાય છત્તીસગઢમાં બીજા તબક્કાના મતદાનના દિવસે પણ નક્સલવાદીઓએ નાપાક પ્રવૃત્તિઓ કરી હતી અને સીઆરપીએફની ટીમ પર હુમલો કર્યો હતો.

## તંત્રી લેખ

# ઐતિહાસિક દિવસ

સુપ્રીમ કોર્ટે જમ્મુ-કાશ્મીરથી કલમ-૩૭૦ને હટાવવાના કેન્દ્ર સરકારના નિર્ણયને યોગ્ય ઠેરવીને આ ભાગલાવાદી અને ભેદભાવ કરનારી બંધારણીય જોગવાઈને હંમેશ માટે ઈતિહાસમાં દફન કરી દીધી. સુપ્રીમ કોર્ટનો આ ચુકાદો એટલો જ ઐતિહાસિક છે, જેટલો ચાર વર્ષ પહેલાં કલમ-૩૭૦ની સાથે જ ૩૫-એને હટાવવાનો મોદી સરકારનો સાહસિક નિર્ણય હતો. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદાથી કલમ-૩૭૦ને ફરીથી લાગુ કરવાનાં મુંગેરીલાલ જેવાં સ્વપ્ન જોઈ રહેલાં તત્ત્વો અને નેતાઓને પણ લપડાક લગાવી છે. તેમણે આ સંદેશ ખુલ્લા મને ગ્રહણ કરવાની સાથે જ કાશ્મીર ઘાટીના લોકોને એ ખોટો દિલાસો આપવાનું બંધ કરી દેવું જોઈએ કે તેમના પ્રયત્નોથી ભવિષ્યમાં ક્યારેય આ કલમની બહાલી થઈ શકે છે. એવું કશું જ હવે થઈ શકવાનું નથી, કારણ કે સુપ્રીમ કોર્ટે એ સ્પષ્ટ કરી દીધું કે અનુચ્છેદ-૩૭૦ એક અસ્થાયી જોગવાઈ હતી અને સંસદ દ્વારા તેને હટાવવાનો જે નિર્ણય લેવામાં આવ્યો, તે કાયદાસંમત હતો. વાસ્તવમાં સુપ્રીમ કોર્ટે પોતાના ફેંસલાથી આ કલમની બહાલીનો રસ્તો પણ બંધ કરી દીધો. જો આ અસ્થાયી કલમને સમય રહેતાં નિષ્પ્રભાવી કરી દીધી હોત તો સંભવતઃ જમ્મુ-કાશ્મીરમાં અલગતાવાદ અને આતંકવાદે માથું ન ઊંચક્યું હોત અને ત્યાં આટલી તબાહી ન થઈ હોત. આ કલમ માત્ર ભાગલાવાદનું કારણ જ ન હતી, બલ્કે જમ્મુ-કાશ્મીરના વંચિત વર્ગોના અધિકારોનું નિર્મમતાથી દમન કરનારી પણ હતી.

આ કલમને કારણે પાકિસ્તાનના કબ્જાવાળા જમ્મુ-કાશ્મીરથી જીવ બચાવીને આવેલા લોકોની સાથે તો અન્યાય થઈ જ રહ્યો હતો, અનામત વર્ગોના એ અધિકારોનું હનન પણ થઈ રહ્યું હતું, જે સંસદ દ્વારા બનાવવામાં આવેલ કાયદાઓને કારણે તેમને મળવી જોઈતી હતી. દુર્ભાગ્ય આપણું કે કલમ-૩૭૦ની અન્યાયપૂર્ણ પ્રક્રિયા બાદ પણ સંકીર્ણ રાજકીય સ્વાર્થને કારણે એ દુષ્પ્રચાર કરાતો રહ્યો કે તે તો જમ્મુ-કાશ્મીરને શેષ ભારત સાથે જોડનારી એક મહત્ત્વપૂર્ણ કડી છે. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં આગામી વર્ષે સપ્ટેમ્બર સુધીમાં ચૂંટણી કરાવવાની સાથે જ કેન્દ્રશાસિત જમ્મુ-કાશ્મીરના રાજ્યના દરજ્જાને વહેલી તકે બહાલ કરવાની સલાહ પણ આપી. એવું કરવું જ જોઈએ, પરંતુ ત્યારે જ, જ્યારે ત્યાંથી હાંકી કાઢવામાં આવેલા કાશ્મીરી હિંદુઓની વાપસીનો રસ્તો સ્પષ્ટ થઈ જાય, નહીં તો નહીં! છેલ્લા ચાર દાયકામાં કાશ્મીરમાં અત્યાચાર અને દમનની સાથે લાખો કાશ્મીરી હિંદુઓનું જે પલાયન થયું અને તેઓ પોતાના દેશમાં જ જે રીતે શરણાર્થી બનવા મજબૂર થયા, તે એક કરુણાંતિકા છે, જેને ભૂલવી ન જોઈએ. એ સારું થયું કે સુપ્રીમ કોર્ટે લોકોના ઘા ભરવા માટે દિક્ષણ આફ્રિકાની તરજ પર સત્ય અને સુલેહ આયોગ રચવાનો નિર્દેશ આપ્યો. જોકે સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ પાકિસ્તાન સહિત દેશવિરોધી અન્ય શક્તિઓનો તરફડાટ સ્વાભાવિક છે, તેથી ભારત સરકારે સતર્ક રહેવું પડશે.

### છત્તીસગઢ-મધ્ય પ્રદેશમાં મુખ્યપ્રધાનોની શપથવિધિ

# વિષ્ણુ દેવ સાયે છત્તીસગઢ, મોહન યાદવ મ.પ્ર.ના નવા સીએમ બન્યા

## રાયપુર અને ભોપાલમાં યોજાયેલા શપથ સમારોહમાં ભાજપના પ્રદેશ અને રાષ્ટ્રીય સ્તરના નેતાઓ હાજર રહ્યા



રાયપુર,

વિષ્ણુ દેવ સાયએ બુધવારે છત્તીસગઢના નવા સીએમ તરીકે શપથ લીધા. સાય રાજ્યના ચોથા મુખ્યમંત્રી હશે. આ પહેલા અજીત જોગી, રમણ સિંહ અને ભૂપેશ બઘેલ આ પદ પર રહી ચૂક્યા છે. ટર્મ પર નજર કરીએ તો સાય છઠ્ઠી વિધાનસભામાં સીએમ બન્યા છે. ૩ ડિસેમ્બરે જ્યારે ચૂંટણીના પરિણામો આવ્યા ત્યારે ભાજપ પાંચ વર્ષ પછી સત્તામાં પાછો ફર્યો.

૧૦ ડિસેમ્બરે ભાજપે પોતાના મુખ્યમંત્રીના નામની જાહેરાત કરી હતી. ભાજપના પ્રદેશ અધ્યક્ષ અરુણ સાઓ અને વિજય શર્માએ ડેપ્યુટી સીએમ તરીકે શપથ લીધા. રાજધાની રાયપુરની સાયન્સ કોલેજમાં શપથ ગ્રહણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ભાજપના પ્રદેશ અને રાષ્ટ્રીય સ્તરના નેતાઓ હાજર રહ્યા હતા. પીએમનરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા, ભાજપના પ્રદેશ પ્રભારી ઓમ પ્રકાશ માથુર, કેન્દ્રીય આરોગ્ય પ્રધાન મનસુખ માંડવિયા અને રાજ્યના સહ-પ્રભારી નીતિન નબીન પણ શપથગ્રહણમાં ભાગ લીધો હતો. શપથ ગ્રહણ માટે વ્યાપક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી. શપથ લેતા પહેલા, વિષ્ણુ દેવ સાંઈએ પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની પ્રતિમાને માળા ચઢાવી હતી. સાઈએ ટ્વિટ કર્યું, "છત્તીસગઢ રાજ્યના સર્જક અને આપણા બધા માટે પ્રેરણાના સ્ત્રોત, અટલ બિહારી વાજપેયીજીને તેમની પ્રતિમાને પુષ્પાંજલિ આપીને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા, ભાજપ સરકારે જે ધ્યેય સાથે છત્તીસગઢ રાજ્યનું નિર્માણ કર્યું છે, તેને સતત આગળ વધારવા માટે હું હંમેશા કટિબદ્ધ રહીશ. શપથ લેતા પહેલા તેઓ માતાને મળવા ગયા અને તેમના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ લીધા. સાઈએ ટ્વીટ કર્યું. આજે શપથ લેતા પહેલા તેમણે માતાના ચરણ સ્પર્શ કરીને છત્તીસગઢ મહાતારીની સેવા કરવા તેમના આશીર્વાદ લીધા હતા. માતા મારા પ્રેરણા સ્ત્રોત છે, તેમણે હંમેશા મને જનસેવા માટે પ્રેરણા આપી છે.''

માતા જસમણી દેવીએ આરતી કરી જ્યારે પત્ની કૌશલ્યા દેવીએ મીઠાઈ ખવડાવી અને તેમના પતિને શપથવિધિ માટે વિદાય આપી હતી. દરમિયાનમાં મધ્યપ્રદેશના રાજયપાલ મંગુભાઈ છગનભાઈ પટેલે મોહન યાદવને રાજ્યના નવા મુખ્યપ્રધાન તરીકે હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. આ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભાજપના તમામ દિગ્ગજ નેતાઓ અને અન્ય રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ હાજર રહ્યા હતા. રાજધાની ભોપાલના મોતીલાલ નેહરુ સ્ટેડિયમમાં શપથ ગ્રહણ સમારોહ યોજાયો હતો.

# ફુસા તત્સુમીનું ૧૧૬ વર્ષની ઉંમરમાં કાશિવારાના આરોગ્ય કેન્દ્રમાં નિધન

ટોકિયો,

વિશ્વના બીજા અને જાપનના પ્રથમ સૌથી વૃદ્ધ મહિલા ફુસા તત્સુમીનું ૧૧૬ વર્ષની ઉંમરમાં કાશિવારાના આરોગ્ય કેન્દ્રમાં નિધન થઈ ગયુ છે. ગઈ કાલે ૧૨ ડિસેમ્બરના રોજ પોતાનો મનપસંદ ખોરાક બીન પેસ્ટ જેલી ખાધા બાદ તેમનું નિધન થઈ ગયુ હતું. તેમના મૃત્યુનું કારણ વૃદ્ધાવસ્થા હોવાનું જણાવાય રહ્યું છે.

તત્સુમીને ગત વર્ષે ૧૧૯ વર્ષીય કેન તનાકાના નિધન બાદ વિશ્વના બીજા સૌથી વૃદ્ધ મહિલા ગણાવવામાં આવ્યા હતા. ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સે પણ ગત વર્ષે એપ્રિલમાં તનાકાને વિશ્વની સૌથી વૃદ્ધ વ્યક્તિનો દરજ્જો આપ્યો હતો. તત્સુમી વિશ્વની ૨૭મા સૌથી વૃદ્ધ વ્યક્તિ અને જાપાનના સાતમા સૌથી વૃદ્ધ વ્યક્તિ ગણાવવામાં આવ્યા હતા. વર્ષ ૧૯૦૭માં જન્મેલા તત્સુમી તેમના ત્રણ બાળકો અને પતિ સાથે ઓસાકામાં રહેતા હતા. હાલના દિવસોમાં તેઓ મોટાભાગનો સમય આરોગ્ય કેન્દ્રમાં જ વીતાવતા હતા. કેટલાક અહેવાલો પ્રમાણે ફુસા તત્સુમીને અગાઉ કોઈ સ્વાસ્થ્ય સમસ્યાઓ નહોતી અને ક્યારેય ગંભીર રીતે ઘાયલ પણ નહોતા થયા. જોકે ૭૦ વર્ષની ઉંમરે પડી જવાને કારણે તેમના પગનું હાડકું તૂટી ગયુ હતું. તત્સુમીના નિધન પર તેમના ૭૬ વર્ષના પુત્ર કેન્જીએ કહ્યું કે, આ ઉંમર સુધી પહોંચવા માટે તેમણે ખૂબ સારું કામ કર્યું. ઓસાકાના ગવર્નર હિરોફુમી યોશીમુરાએ પણ તત્સુમીના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો.

### ઈઝરાયેલ-હમાસ યુદ્ધ વચ્ચે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની બેઠક

# ઈઝરાયેલ-હમાસ યુદ્ધ વિરામની તરફેણમાં યુએનની બેઠકમાં ૧૫૩ દેશોનું મતદાન

## ૧૦ દેશોએ પ્રસ્તાવનો વિરોધ કર્યો અને ૨૩ સભ્ય દેશોએ મતદાનમાં ભાગ ન લીધો, ભારતનું પણ પ્રસ્તાવને સમર્થન

વોશિંગ્ટન,

ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના ચાલી રહેલા યુદ્ધ વચ્ચે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ બેઠક બોલાવી હતી જેમાં તાત્કાલિક યુદ્ધવિરામ અને તમામ બંધકોની બિનશરતી મુક્તિની માંગનો ઠરાવ રજૂ કરવામાં આવ્યો હતો જે પસાર થયો હતો.

આ પ્રસ્તાવમાં ભારત પણ સામેલ હતું અને તરફેણમાં મતદાન કર્યું હતું. ઈઝરાયેલ અને હમાસ વચ્ચે છેલ્લા બે મહિના કરતા પણ વધુ સમયથી યુદ્ધ ચાલી રહ્યુ છે જેમાં અનેક લોકોના મોત થયા છે જ્યારે ઘણા લોકો ઘાયલ થયા છે તેમજ કેટલાય લોકો વિસ્થાપિત થયા છે ત્યારે યુએન જનરલ એસેમ્બલીએ ગઈકાલે એક વિશેષ તાત્કાલિક બેઠક બોલાવી હતી અને આ બેઠકમાં યુદ્ધવિરામ અને તમામ બંધકોની બિનશરતી મુક્તિની માંગનો ઠરાવ રજૂ કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં ૧૫૩ દેશોએ આ પ્રસ્તાવની તરફેણમાં મતદાન કર્યું હતું જ્યારે ૧૦ દેશોએ પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો અને ૨૩ સભ્ય દેશોએ મતદાનમાં ભાગ લીધો ન હતો. આ બેઠકમાં ભારત પણ સામેલ રહ્યું હતું અને ભારતે યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીમાં ઈઝરાયલ-હમાસ સંઘર્ષમાં તાત્કાલિક યુદ્ધવિરામ તેમજ તમામ બંધકોની બિનશરતી મુક્તિની માંગ કરતા પ્રસ્તાવની તરફેણમાં મતદાન કર્યું હતું.

### ૧૩ ડિસેમ્બર, ૨૦૦૧ના દિવસે સંસદ ભવન પર હુમલો થયો હતો

# સંસદ પર હુમલાની ૨૨મી વર્ષીએ પીએમ મોદીની શહીદોને અંજલિ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શહીદ સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી અને તેમના સર્વોચ્ચ બલિદાનને યાદ કર્યા



નવી દિલ્હી,

ભારતીય લોકશાહીના મંદિર સંસદ ભવન પર ૧૩ ડિસેમ્બર, ૨૦૦૧ના દિવસે પાંચ આતંકવાદીઓએ સંસદ ભવન પર હુમલો કર્યો હતો. આ હુમલામાં નવ જવાનો શહીદ થયા હતા, જ્યારે હુમલો કરનાર પાંચેય આતંકીઓ પણ માર્યા ગયા હતા. આજે આ હુમલાની ૨૨મી વરસી છે. પ્રધાનમંત્રી મોદીએ શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી. ભારતીય લોકશાહીના મંદિર સંસદ ભવન પર આતંકવાદી હુમલાની આજે ૨૨મી વરસી છે. ૧૩ ડિસેમ્બર ૨૦૦૧ના રોજ આતંકવાદીઓએ સંસદ ભવન પર હુમલો કર્યો હતો.

સંસદ પર હુમલાને ૨૨ વર્ષ થઈ ગયા છે, પરંતુ આજે પણ આ ઘાતકી આતંકવાદી હુમલાની યાદ ભારતીયોના હૃદય અને મગજમાં તાજી છે. ૨૨ વર્ષ પહેલા આ દિવસે થયેલા આ હુમલામાં ૯ જવાનો શહીદ થયા હતા, જેમાં દિલ્હી પોલીસના પાંચ જવાન સામેલ હતા. તે જ સમયે, હુમલો કરનારા પાંચેય આતંકવાદીઓ પણ માર્યા ગયા હતા. આ અવસર પર વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શહીદ સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી અને તેમના સર્વોચ્ચ બલિદાનને યાદ કર્યા હતા. આ ઉપરાંત પીએમ મોદી અને ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે શહીદ થયેલા સૈનિકોના પરિવારજનોને પણ મળ્યા હતા. ૧૩ ડિસેમ્બર ૨૦૦૧ની સવારે સંસદનું શિયાળુ સત્ર શરૂ થયું હતું. વિપક્ષી સાંસદો રાજ્યસભા અને લોકસભામાં શબપેટી કૌભાંડ, કફનના ચોર, સિંહાસન છોડીને સૈન્ય લોહી વહાવે છે, સરકાર દલાલી ખાય છે તેવા સૂત્રોચ્ચાર કરીને હોબાળો મચાવ્યો હતો. ઉપપ્રધાનમંત્રી લાલકૃષ્ણ અડવાણી સહિત તમામ સાંસદો સંસદમાં જ હાજર હતા. ત્યારે જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબાના પાંચ આતંકવાદીઓ સફેદ એમ્બેસેડર કારમાં સંસદ ભવન સંકુલમાં પ્રવેશ્યા. એક આતંકવાદીએ સંસદ ભવનનાં ગેટ પર બોમ્બથી પોતાની જાતને ઉડાવી દીધી. આતંકવાદીઓએ એમ્બેસેડર કાર પર ગૃહ મંત્રાલયનું સ્ટીકર પણ લગાવી દીધું હતું. આ આતંકી હુમલા પાછળ મોહમ્મદ અફઝલ ગુરુ અને શૌકત હુસૈન સહિત પાકિસ્તાની ગુપ્તચર એજન્સી જૈનો હાથ હતો. અફઝલ ગુરુને ૧૨ વર્ષ બાદ ૯ ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ ફાંસી આપવામાં આવી હતી.

# અમેરિકા દ્વારા વિઝા ફીનો વધારો હાલ પૂરતો સ્થગિત

વોશિંગ્ટન,

ભારતમાંથી દિવસેને દિવસે અમેરિકા જનારા લોકોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે ત્યારે યુએસ કોન્સ્યુલેટ પાસે વિઝાની અરજીઓનો ઢગલો થઈ રહ્યો છે ત્યારે અમેરિકા તેના વિઝાની ફીમાં તોતિંગ વધારો કરશે તેવા સમાચાર વહેતા થયા હતા જેના પગલે ભારતીયોની ચિંતામાં વધારો કર્યો હતો. જો કે હવે સૂત્રોમાંથી મળતી નવી માહિતી મુજબ અમેરિકાએ વિઝાની ફીનો વધારો હાલ પૂરતો સ્થગિત રાખવાનો નિર્ણય કર્યો છે.

ભારતમાંથી હાયર એજ્યુકેશન તેમજ અન્ય બીજા કોઈ કારણોસર અમેરિકા જવું ખુબ જ મોંઘુ હોય છે ત્યારે જો યુએસ ફીમાં વધારો થાય તો લોકોને અમેરિકા જવું પોસાય નહીં. જો કે અત્યારે ભારતીયો માટે રાહતના સમાચાર એ છે કે અમેરિકા એચ-૧બી સહિત અનેક પ્રકારના વિઝાની ફી વધારવા વિચારી રહ્યા હતા પરંતુ તે એપ્રિલ મહિના સુધી સ્થગિત રાખવામાં આવ્યો છે.

હવે કદાચ એપ્રિલ ૨૦૨૪માં ફાઈનલ નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે. અત્યાર સુધી એવા સમાચાર હતા કે અમેરિકા જાન્યુઆરી ૨૦૨૪થી જ વિઝા ફીમાં મોટો વધારો કરશે.

જો અમેરિકાએ એચ-૧બી સહિતના વિઝાની ફીમાં વધારો કર્યો હોત તો અમેરિકન કંપનીઓ પર મોટો ખર્ચ આવે તેમ હતો કેમકે આ વિઝાની પ્રક્રિયા આ કંપનીઓએ કરવાની હોય છે. આ વિઝાની એપ્લિકેશન ફી ૭૦ ટકા વધીને ૭૮૦ ડોલર સુધી થવાની શક્યતા હતી. વિદેશી કર્મચારીને સ્પોન્સર કરનાર અમેરિકન કંપનીએ લોટરીમાં પસંદ થયેલા લોકો માટે એચ-૧બી વિઝાની વિગતવાર અરજી કરીને ઈ-રજિસ્ટ્રેશન કરાવવાનું હોય છે. માર્ચ મહિનામાં સામાન્ય રીતે એચ-૧બી કેપની લોટરી થતી હોય છે. ઈ-રજિસ્ટ્રેશન માટેની ફી ૧૦ ડોલરથી વધારીને ૨૧૫ ડોલર કરવાની દરખાસ્ત હતી જેથી કરીને લોટરીના મિકેનિઝમનો દુરુપયોગ ન થાય. અમેરિકન ઓથોરિટી એનપીઆરએમ દ્વારા સિટિઝનશિપની ફી ૧૯ ટકા વધારવાની દરખાસ્ત છે જે ૬૪૦ ડોલરથી વધારીને ૭૬૦ ડોલર કરવામાં આવશે.

આ ઉપરાંત સૌથી વધુ ફીનો વધારો ઈબી-૫ ઈન્વેસ્ટરો માટે હતો જેઓ અમેરિકામાં રોકાણ કરીને ગ્રીન કાર્ડ મેળવતા હોય છે.

# ભારતને કેનેડામાં રોકવા નિજ્જરની હત્યાનો વિશ્વસનીય આરોપ લગાવ્યો : ટ્રુડો

ઓટાવા,

કેનેડામાં ખાલિસ્તાની આતંકી હરદીપસિંહ નિજ્જરની હત્યામાં ભારતનો હાથ હોવાનો આરોપ લગાવ્યા બાદ કોઈ પૂરાવા હજી સુધી રજૂ નહીં કરી શકેલા કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો હવે ખાલિસ્તાની આતંકીઓના સમર્થક તરીકે કુખ્યાત બની ગયા છે.

ટ્રુડોએ ફરી ભારત સામે ઝેર ઓકીનો પોતાનો કક્કો ખરો કરવાનો પ્રયાસ કર્યો છે. એક મીડિયા ઈન્ટરવ્યૂમાં ટ્રુડોએ કહ્યુ હતુ કે, સિખ સમુદાયની ચિંતાઓ અને સુરક્ષાને લઈને અને ભારતને કેનેડામાં રોકવા માટે મેં જાહેરમાં નિજ્જરની હત્યામાં ભારતનો હાથ હોવાનો આરોપ લગાવ્યો હતો અને આ વિશ્વસનિય આરોપ છે. કેનેડાના એક અખબારને આપેલા ઈન્ટરવ્યૂમાં ટ્રુડોએ કહ્યુ હતુ કે, નિજ્જરની હત્યા બાદ સિખ સમુદાયમાં ચિંતા હતી કે, હવે આગળ શું થશે અને મારે કેનેડાના લોકોને સુરક્ષિત રાખવા માટે જાહેરમાં ભારતનો ઉલ્લેખ કરવો જરુરી હતો. જેથી ભારત સરકાર ભવિષ્યમાં કેનેડામાં આ પ્રકારની હરકત ના કરે. જોકે ટ્રુડોના આ પ્રકારના નિવેદનથી ભારત અને કેનેડાના વણસેલા સબંધો ઉલટાના વધારે બગડશે તેમ મનાઈ રહ્યુ છે. ટ્રુડો અત્યાર સુધી પોતાના આરોપોના સમર્થનમાં કોઈ જાતના પૂરાવા રજૂ કરી શક્યા નથી.

ટ્રુડોએ કહ્યુ હતુ કે, ભારતમાં યોજાયેલા જી-૨૦ શિખર સંમેલન દરમિયાન હું પીએમ મોદીને બંધ રુમમાં ૧૯ મિનિટ માટે મળ્યો હતો અને ત્યારે પણ મેં આ મુદ્દો ઉઠાવ્યો હતો. અમને ખબર હતી કે, વાતચીત સરળ નહીં હોય. આમ છતા અમને લાગ્યુ હતુ કે, ભારત સાથે મળીને કામ કરવા માટે આ એક રચનાત્મક અવસર હોઈ શકે છે. કમનસીબે આ અપેક્ષા પૂરી થઈ નહોતી. ટ્રુડોએ આગળ કહ્યુ હતુ કે, નિજ્જરની હત્યામાં ભારતનો હાથ હોવાની જાણકારી મીડિયામાં લીક થઈ શકે છે તેવો ડર ઉભો થયો હતો અને તેના કારણે મેં સંસદમાં આ અંગે પહેલા જ નિવેદન આપી દીધુ હતુ અને હું ઈચ્છતો હતો કે, કેનેડાના લોકોને પણ સરકાર આ મામલામાં સતર્ક છે તેવી જાણકારી મળે.

### ઘણા પ્રાદેશિક નેતાઓને મળી શકે છે તક

# ટૂંક સમયમાં જ કેન્દ્રીય મંત્રી મંડળમાં ફેરફાર થવાની શક્યતા

નવી દિલ્હી,

શું ટૂંક સમયમાં કેન્દ્રીય મંત્રીમંડળમાં ફેરફાર થવા જઈ રહ્યો છે? ત્રણ રાજ્યોમાં નવા સીએમની રાજ્યાભિષેક બાદ આવી ચર્ચાઓએ જોર પકડ્યું છે. પાર્ટીના સૂત્રોનું કહેવું છે કે આ ચૂંટણીઓમાં ઘણા કેન્દ્રીય મંત્રીઓને મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા, જેઓ હવે ચૂંટણી જીતીને ધારાસભ્ય બની ગયા છે. આવી સ્થિતિમાં તેમની ખાલી પડેલી જગ્યાઓ પર નવા મંત્રી બનાવવામાં આવી શકે છે.

તે જ સમયે, અગ્રણી ચહેરાઓ જે ત્રણ રાજ્યોમાં સીએમ પદના મોટા દાવેદાર હતા તેમને પણ કેન્દ્રીય કેબિનેટમાં સ્થાન આપવામાં આવી શકે છે. સૂત્રો પ્રમાણે આગામી ચૂંટણીમાં હવે ૬ મહિના કરતા ઓછો સમય બાકી છે. તેવામાં મંત્રીમંડળમાં ફેરફાર કોઈ જરૂરી નથી પરંતુ આગામી ચૂંટણીમાં ફાયદો લેવા માટે રાજ્યોના ઘણા મોટા નેતાઓને ભાજપ હાઈકમાન્ડ મંત્રી પદ આપી શકે છે. તેનાથી તેની નારાજગી ઓછી થઈ શકે છે, તો રાજ્યોમાં પણ પાર્ટીએ સંતુલન જાળવવામાં સરળતા થઈ શકે છે. રાજસ્થાનની વાત કરીએ તો ત્યાં વસુંધરા રાજેને કેન્દ્રમાં લાવી મંત્રી બનાવી શકાય છે. કિરોડી લાલ મીણાને પણ આ વખતે મંત્રી પદ મળી શકે છે. મધ્ય પ્રદેશમાં નરેન્દ્ર સિંહ તોમરને સ્પીકર બનાવવાની વાત ચાલી રહી છે. તેવામાં તેમની ખાલી જગ્યા પર પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણને કેન્દ્રીય મંત્રીમંડળમાં લાવી શકાય છે. છત્તીસગઢથી એક-બે નેતાઓને આ વખતે કેન્દ્રીય મંત્રીમંડળમાં સામેલ કરી શકાય છે. જો ફેરફાર થાય છે તો તેના જાતીય અને સામુદાયિક સમીકરણો પર ખાસ ધ્યાન રાખવામાં આવશે. જેનાથી ૬ મહિનાની અંદર યોજાનાર લોકસભા ચૂંટણીમાં ભાજપની સંભાવનાઓ પર ખરાબ અસર ન પડે.

તે માટે પાર્ટી કેટલાક નવા ચહેરા પર દાવ લગાવી શકે છે. ભાજપની સિસ્ટમ પર નજીકથી નજર રાખનાર રાજકીય નિષ્ણાંતો અનુસાર કેન્દ્રીય મંત્રીમંડળમાં ફેરફારનો નિર્ણય મુખ્ય રૂપથી પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહ લેશે. પરંતુ તેમાં આરએસએસની પણ સલાહ લેવામાં આવશે.

# ગાંધીનગરમાં ગિફ્ટ સિટીમાં ઊંચાઈનો અવરોધ જોવા મળ્યો

ગાંધીનગર,

અમદાવાદની જેમ હવે ગાંધીનગરમાં પણ જમીનોના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. ગાંધીનગરના કેટલાક વિસ્તારોમાં જમીનોના ભાવ આકાશને આંબી રહ્યા છે. તેમાં પણ ગિફ્ટ સિટીની આસપાસના વિસ્તારોમાં આ ભાવ ઘણો વધારે છે.

પરંતુ હવે ગિફ્ટ સિટીની આસપાસના વિસ્તારોમાં જમીનોના ભાવમાં ઘટાડો થઈ શકે છે. અંગ્રેજી અખબાર અમદાવાદ મિરરના અહેવાલ પ્રમાણે આ મહિનાના અંત સુધીમાં ગિફ્ટ સિટીનો માસ્ટર પ્લાન જાહેર કરવામાં આવશે. જેમાં ૨૩૦૦ એકર વિસ્તારમાં ઊંચાઈના નિયંત્રણો રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. આ શક્યતાને પગલે સ્થાનિક રિયલ એસ્ટેટ માર્કેટમાં ખળભળાટ મચી ગયો છે. આ નિયંત્રણોના કારણે જમીનના ભાવમાં ઘટાડો થાય તેવી શક્યતા અધિકારીઓ વ્યક્ત કરી રહ્યા છે. ગાંધીનગરમાં ગિફ્ટ સિટી એટલે કે ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી ૩૩૦૦ એકરમાં ફેલાયેલું છે. જ્યાં જમીનના ભાવ આકાશે આંબી રહ્યા હતા ત્યાં હવે જમીનના ભાવમાં તીવ્ર ઘટાડો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સૂચિત ઊંચાઈ એટલે કે હાઈટના નિયંત્રણો અંગેની અનિશ્ચિતતાને કારણે આસપાસના વિસ્તારોમાં જમીનના ભાવમાં ૨૫ થી ૪૦ ટકાનો ઘટાડો થયો છે. જમીનના ભાવમાં થયેલો ઘટાડો શાહપુર, રતનપુર, લવારપુર અને પિરોજપુર એમ ચાર ગામોને અસર કરે છે. હજી થોડા વર્ષો પહેલા આ વિસ્તારોમાં જમીનના ભાવ પ્રતિ ૪ કરોડ રૂપિયા પ્રતિ વીઘાની આસપાસ હતા. પરંતુ ૈંહ્લ સિટીના વિસ્તરણની જાહેરાત થઈ તે સાથે જ તેમાં તીવ્ર વધારો જોવા મળ્યો હતો અને જમીનના ભાવ ૧૮ કરોડ રૂપિયા પ્રતિ વીઘા સુધી પહોંચી ગયા હતા. જેમાં આ ચાર ગામનો સમાવેશ થાય છે. જોકે, બિલ્ડીંગની ઊંચાઈઓ અંગેની અનિશ્ચિતતા સાથે હવે કિંમતોમાં પણ ઘટાડો થયો છે. અહીં જમીનના ભાવ ઘટીને ૧૦થી ૧૨ કરોડ રૂપિયા પ્રતિ વીઘા થઈ ગયા છે. ગિફ્ટ સિટી ઓથોરિટીએ ગયા વર્ષે નવેમ્બરમાં તેના ડેવલપમેન્ટ પ્લાનમાં વધારાની ૨,૩૦૦ એકર જમીનનો સમાવેશ કર્યો હતો. ત્યારબાદ જમીનની કિંમતોમાં નાટ્યાત્મક વધારો થયો. આ વિસ્તારના માળખાગત વિકાસની ખાતરી કરવા માટે ૈંહ્લ નોટિફાઈડ કમિટી સાથે ૈંહ્લ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીની સ્થાપના કરવામાં આવી હતી. આ વિસ્તરણ કરવામાં આવ્યું ત્યારે લોકોને લાગ્યું કે અહીંયા પણ ગિફ્ટ સિટી વિસ્તારની જેમ બહુમાળી ઈમારતો બનાવવામાં આવી શકે છે. પરંતુ જેમ જેમ માસ્ટર પ્લાન વિકસિત થયો તેમ તેમ સત્તાવાળાઓએ ૈંહ્લ સિટીના મુખ્ય ૧,૦૦૦ એકર વિસ્તારને બાદ કરતાં ૩,૩૦૦-એકર વિસ્તાર પર ઊંચાઈના નિયંત્રણો લાદવાનું વિચાર્યું. આંતરિક સૂત્રોના જણાવ્યા પ્રમાણે માસ્ટર પ્લાન ફક્ત ૭થી ૧૦ માળની ઈમારતોને મંજૂરી આપી શકે છે. આ નિર્ણય પર ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ નજીકથી નજર રાખી રહ્યા છે. તેનો આશય રિયલ એસ્ટેટને સસ્તું રાખવાનો છે.

જોકે હજી અંતિમ નિર્ણયો બાકી છે. અન્ય એક અધિકારીએ આંતરરાષ્ટ્રીય ધોરણોને અનુરૂપ સુધરેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વધુ આકર્ષક સ્કાયલાઈનને ટાંકીને નીચી ઈમારતોના સંભવિત ફાયદાઓ જણાવ્યા છે. જોકે, બિલ્ડર્સ લોબી પણ આ સંભવિત નિર્ણયો અંગે પોતાનો મત રજૂ કરી રહ્યા છે.

# બોરસદ ચોકડી બ્રિજ પર દોરી વડે યુવકનું ગળું કપાયુ

આણંદ,

આણંદમાં ઉત્તરાયણના પર્વ પહેલા જ દોરીથી થતી દુર્ઘટનાઓની શરુઆત થઈ ગઈ છે. દોરીના કારણે યુવકનું ગળું કપાતા લોહીથી તરબતર થઈ ગયો હતો અને બાઈક પણ સ્લીપ થઈ ગઈ હતી. યુવકને ગંભીર ઈજા પહોંચી હતી. સાથે બાઈકને પણ નુકસાન થયું હતુ.ઉત્તરાયણનો પર્વ હજી આવ્યો નથી, જો કે પતંગની દોરીના કારણે દુર્ઘટના બનવાની શરૂ થઈ ગઈ છે. આણંદના બોરસદ ચોકડી બ્રિજ પર એક યુવકના ગળામાં દોરી ફસાઈ ગઈ હતી. આ યુવક બ્રિજ પર બાઈક લઈને પસાર થઈ રહ્યો હતો, તે દરમિયાન અચાનત પતંગની દોરી આવીને ગળામાં ફસાઈ ગઈ હતી. ઘટનામાં યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. આણંદમાં ઉત્તરાયણના પર્વ પહેલા જ દોરીથી થતી દુર્ઘટનાઓની શરુઆત થઈ ગઈ છે. દોરીના કારણે યુવકનું ગળું કપાતા લોહીથી તરબતર થઈ ગયો હતો અને બાઈક પણ સ્લીપ થઈ ગઈ હતી. યુવકને ગંભીર ઈજા પહોંચી હતી. સાથે બાઈકને પણ નુકસાન થયું હતુ. તો દુર્ઘટના બાદ સ્થળ પર સ્થાનિકોના ટોળા એકત્ર થઈ ગયા હતા અને એમ્બ્યુલન્સ મારફતે યુવકને સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યો હતો.



અમદાવાદ કોંગ્રેસના નવા પ્રમુખ હિંમતસિંહ પટેલ લાલ દરવાજા પાસે કાર્યકરોની હાજરીમાં પદ ગ્રહણ કર્યુ હતુ

# બિપરજોય વાવાઝોડાને લઈ ગુજરાતને ૩૩૮ કરોડની સહાયની મંજૂરી આપી

અમદાવાદ,

કેન્દ્રીય ગૃહ વિભાગે બિપરજોય વાવાઝોડામાં અસરગ્રસ્તોને સહાયની જાહેરાત કરી છે. બિપરજોય વાવાઝોડાને લઈ ગુજરાતને ૩૩૮ કરોડની સહાયની મંજૂરી અપાઈ છે. અગાઉ રાજ્ય સરકારને **SDRF** હેઠળ ૫૮૪ કરોડ ચૂકવાયા હતા. કેન્દ્ર સરકારે ૨૨ રાજ્યોને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ માટે રૂપિયા ૭ હજાર ૫૩૨ કરોડ જાહેર કર્યા હતો. જેમાં કેન્દ્ર સરકારે મહારાષ્ટ્રને સૌથી વધુ ૧ હજાર ૪૨૦.૮૦ કરોડ રૂપિયા આપ્યો હતો. જ્યારે ગોવાને સૌથી ઓછું માત્ર ૪.૮૦ કરોડ રૂપિયા ફંડ મળ્યું હતું.

કેન્દ્ર સરકારે મહારાષ્ટ્ર બાદ બીજા નંબરે ઉત્તર પ્રદેશને ૮૧૨ કરોડ રૂપિયા અપ્યા હતો. તો ઓડિશાને ૭૦૭.૬૦ કરોડનું ફંડ મળ્યું હતુ. જ્યારે બિહારને ૬૨૪. ૪૦ કરોડનું ફંડ આપવામાં આવ્યું હતું. તો આ તરફ ગુજરાતને ૫૮૪ કરોડ રૂપિયા ફંડ મળ્યું છે. જ્યારે આંધ્રપ્રદેશને ૪૯૩.૬૦ કરોડનું ફંડ મળ્યું હતું.

અગાઉ નાણા મંત્રાલયના ખર્ચ વિભાગે આજે સંબંધિત રાજ્ય ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ્સ **(SDRF)** માટે ૨૨ રાજ્ય સરકારોને રૂ. ૭,૫૩૨ કરોડ ફાળવ્યા હતા. આ રકમ ગૃહ મંત્રાલયની ભલામણો અનુસાર જારી કરવામાં આવી હતી.

# ભૂપત ભાયાણી બાદ આપના વધુ બે ધારાસભ્યોના રાજીનામાની શક્યતા

## ભૂપત ભાયાણીએ આપ સાથે છેડો ફાડ્યો છે અને હવે તે ભારતીય જનતા પાર્ટીમાં જોડાય શકે તેવી ચર્ચા છે

ગાંધીનગર,

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પહેલા આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ભૂપત ભાયાણીએ ધારાસભ્ય પદેથી રાજીનામું આપીને પક્ષને મોટો ઝટકો આપ્યો છે ત્યારે હવે સુત્રોમાંથી મળતી માહિતી મુજબ રાજ્યમાં આપના વધુ બે ધારાસભ્યો પણ રાજીનામું આપી શકે છે.

આમ આદમી પાર્ટીમાંથી વિસાવદર બેઠક પરથી ધારાસભ્ય બનેલા ભૂપત ભાયાણીએ વિધાનસભાના અધ્યક્ષને પોતાનું રાજીનામું આપી દીધું છે અને અધ્યક્ષ શંકર ચૌધરીએ આ રાજીનામાનો સ્વિકારી કર્યો છે તે સાથે જ ભૂપત ભાયાણીએ આપ સાથે છેડો ફાડ્યો છે અને હવે તે ભાજપમાં જોડાય શકે તેવી ચર્ચા છે ત્યારે આમ આદમીને વધુ બે ઝટકા લાગી શકે છે.

સુત્રોમાંથી મળતી માહિતી મુજબ આપના વધુ ૨ ધારાસભ્યો રાજીનામુ આપે તેવી શક્યતા જોવા મળી રહી છે. ભૂપત ભાયાણી સિવાય વધુ બે ધારાસભ્યો આમ આદમી પાર્ટી સાથે છેડો ફાડી શકે છે. બોટાદના આપના ધારાસભ્ય ઉમેશ મકવાણા અને ગારીયાધારના આપના ધારાસભ્ય સુધીર વાઘાણી પણ રાજીનામુ આપે તેવી સૂત્રો પાસેથી માહિતી મળી રહી છે. હાલ વિધાનસભામાં આમ આદમી પાર્ટીના ચાર ધારાસભ્યો રહ્યા છે જો વધુ બે ધારાસભ્યો રાજીનામું આપશે તો ગુજરાત વિધાનસભામાં આપના ધારાસભ્યોની સંખ્યા બે રહી જશે.

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben Vanrajsinh Sisidiya